# એક્ષપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (E.O.I )

જૂ.મ.ન.પા હદ વિસ્તામાં આવેલ

DAY- NULM યોજનાના SUH ઘટક હેઠળના

"ઘરવિહોણા લોકો માટેના આશ્રયગૃહો"

(મહિલાઓ તથા પુરુષોના અલગ અલગ )

ના સંચાલન માટે રસ ધરાવતી એજન્સી/સંસ્થાની પસંદગી (એમ્પેનલ) કરવાહેતુ

જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન (JMC)

અર્બન કોમ્યુનિટી ડેવલોપમેન્ટ ડિપાર્ટમેન્ટ (UCD)

E.O.I દરખાસ્ત મોકલવાની છેલ્લી તારીખ.............................

BID NOTIFICATION -એક્ષપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (E.O.I )

અર્બન કોમ્યુનિટી ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ (યુ.સી.ડી)

રૂમ નં–૨૧૮મહાનગર સેવા સદન, આઝાદ ચોકજૂનાગઢ

જૂનાગઢ–૩૬૨૦૦૧.



Scanned with OKEN Scanner

જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન

યુ.સી.ડી. વિભાગ

એક્ષપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ નિવિદા –..............................

મ્યુનિ.કમિશનરશ્રી,જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જૂ.મ.ન.પા હદ વિસ્તારમાં આવેલ DAY-NULM યોજનાના SUH ઘટક હેઠળના ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહો (મહિલાઓ તથા પુરુષોના અલગ અલગ) ના સંચાલન અર્થે સંચાલન કરવા ઉત્સુક અને રસ ધરાવતી સરકારી, અર્ધ સરકારી,બિન સરકારી સંસ્થાઓ,સ્થાનિક નોંધાયેલ ફેડરેશનો / સખી સંઘો,એજન્સીઓ,સહકારી મંડળીઓ, ઔદ્યોગિક ગૃહો, વ્યવસાયીક ખાનગી સંસ્થાઓ પાસેથી શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહના સંચાલન બાબતે એક્ષપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટથી દરખાસ્ત મંગાવેલ છે.

જાહેરાતનો સંપુર્ણ અભ્યાસ કરી જરૂરી દસ્તાવેજી પુરાવા સાથે માંગ્યા મુજબની દરખાસ્ત નીચેના સરનામે રૂબરૂ/રજી.એડી/સ્પીડ પોસ્ટ થી નિયત સમયમાં મોકલવાની રહેશે.ઓફર કોઈપણ કારણ આપ્યા વિના સ્વીકારવા/નહી સ્વીકારવા અંગે સંપુર્ણ સતા મ્યુનિ.કમિશનરશ્રી, જૂ.મ.ન.પા ની રહેશે. જરૂરી સુચના તથા સુધારા અંગેની માહિતી માટે ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહના સંચાલન અંગેની દરખાસ્ત સબમીટ કરતા પુર્વે વેબસાઈટ જોવા વિનંતી છે. દરખાસ્ત સ્વીકારવાની છેલ્લી તારીખ............................સાંજે ૬.૦૦ કલાક સુધી.

દરખાસ્ત મોકલવાનું સરનામું

યુ.સી.ડી વિભાગ, યુ.સી.ડી રૂમ નં–૨૧૮

મહાનગર સેવા સદન,આઝાદ ચોક, જૂનાગઢ–૩૬૨૦૦૧



Scanned with OKEN Scanner

## જૂનાગઢમ્યુનિસિપલ કોર્પોરેશન યુ.સી.ડી.વિભાગ

### શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહના સંચાલન માટે ઓફર ભરનારે આપવાની વિગતો

| ક્રમ | વિવરણ | વિગત |
|---|---|---|
| ૧ | સંસ્થા/એજન્સીનું નામ | |
| ૨ | સંસ્થાનું સરનામું | |
| ૩ | સંસ્થાનો ફોન નંબર | |
| ૪ | સંસ્થાનો ફેકસ નંબર | |
| ૫ | સંસ્થાનું ઈ–મેલ | |
| ૬ | સંસ્થાના સંચાલકનું નામ અને હોદો | |
| ૭ | સંચાલકના સંપર્ક નંબર | |
| ૮ | સંસ્થા/ એજન્સી/ NGO નો સંપુર્ણ રજીસ્ટ્રેશન નંબર | |
| ૯ | સંસ્થા અગાઉ બ્લેકલીસ્ટ થયેલ છે કે કેમ? હા/ના જો હા તો વિગત આપવી | |
| ૧૦ | સંસ્થાનું ટર્ન ઓવરઃ<br>૧. (કુલ ટર્ન ઓવર) છેલ્લા ત્રણ વર્ષ<br>૨. (આઈ.ટી રીટર્ન ) છેલ્લા ત્રણ વર્ષ | |
| ૧૧ | જાહેરાતમાં દર્શાવેલ માહિતી મુજબનો કે તેની સમકક્ષ કામ કરવાનો અનુભવ છે ? જો હા તો વિગતો આપવી | |
| ૧૨ | સરકારી કે અર્ધ સરકારી વિભાગ સાથે કામગીરીનો અનુભવ છે ? હા કે ના જો હા તો વિગતો આપવી | |
| ૧૩ | સી.એસ.આર ફંડથી પ્રવૃતિ કરેલ છે ? હા તો વિગત આપવી | |
| ૧૪ | આંતર – રાષ્ટ્રીય ફંડથી કોઈ પ્રોજેકટ હાથ ધરેલ હોય તો તેની ટુંકી વિગત આપવી | |

તારીખઃ–
સ્થળઃ–
સંસ્થાના હોદેદારનું નામ/સહીઃ–
સંસ્થાના સિકકાઃ–



Scanned with OKEN Scanner

❖ શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહના સંચાલન માટે ઓફર ભરનાર માટે અગત્યની નોંધ

1.જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જૂ.મ.ન.પા હદ વિસ્તારમાં આવેલ DAY-NULM યોજનાના SUH ઘટક હેઠળના ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહો (મહિલાઓ તથા પુરુષોના અલગ અલગ) ના સંચાલન અર્થે સંચાલન કરવા ઉત્સુક અને રસ ધરાવતી સરકારી, અર્ધ સરકારી,બિન સરકારી સંસ્થાઓ,સ્થાનિક નોંધાયેલ ફેડરેશનો / સખી સંઘો,એજન્સીઓ,સહકારી મંડળીઓ, ઔધોગિક ગૃહો, વ્યવસાયીક ખાનગી સંસ્થાઓ તથા સ્થાનિક નોંધાયેલ ફેડરેશનો / સખી સંઘો અરજી કરી શકાશે.

2. સંબંધીત અરજી કરનાર સંસ્થાઓ / એજન્સીઓ ત્રણ વર્ષ કરતાં જૂની હોવી જોઈએ.

3. સંબંધીત અરજી કરનાર સંસ્થાઓ એજન્સીઓ ઓછામાં ઓછી વાર્ષિક રૂ. ૨૫ લાખ (અંકે રૂપિયા પચ્ચીસ લાખ) નું ટર્ન ઓવર ધરાવતી હોવી જોઈએ.

4. અરજી સાથે છેલ્લા ત્રણ વર્ષનો I.T રીટર્ન, ઓડીટ રીપોર્ટ તથા બેલેન્સ સીટ રજુ કરવાની રહેશે.

5. ઓફર ફી રૂ.૫૦૦૦/- ઓફર સબમીટ કરતી વખતે ડીમાન્ડ ડ્રાફટથી ચુકવવાની રહેશે.

6.ઓફર સાથે ઓફરરે અર્નેસ્ટ મની તરીકે રૂ. ૫૦,૦૦૦/– અંકે રૂપિયા પચાસ હજર પુરા ભરવાના રહેશે. જે ડીમાન્ડ ડ્રાફટ "મ્યુનિ, કમિશનરશ્રી,જૂનાગઢ" ના નામનો રજુ કરવાનો રહેશે.જેની ઓફર સ્વીકારવામાં નહી આવે તેઓને અર્નેસ્ટ મની ૧૨૦ દિવસ બાદ પરત કરવામાં આવશે.

7. જૂ.મ.ન.પા ના યુ.સી.ડી વિભાગ ખાતે નોંધણી થઈ ચેરીટી કમિશનરશ્રીની કચેરી ખાતે નોંધણી થયેલ સ્થાનિક સખી સંઘો–એરીયા લેવલ ફેડરેશનો (ALF) આશ્રયગૃહોના સંચાલનની કામગીરી માટે અરજી કરી શકશે તથા તેમને ક્રમ નં ૦૨,૦૩,૦૪ અને ૦૫ માંથી વિશેષ મુકિત આપવામાં આવશે. તથા ઓફર સાથે અર્નેસ્ટ મની તરીકે રૂ.૨૫,૦૦૦/– અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા ભરવાના રહેશે.જે ડિમાન્ડ ડ્રાફટ "મ્યુનિ, કમિશનરશ્રી,જૂનાગઢ" ના નામનો રજૂ કરવાનો રહેશે.

8. સંસ્થા/એજન્સીએ ઓફરમાં બેંકનુ નામ, શાખાનું નામ, ખાતા નંબર, IFSC, MICR નંબર અને સરનામું સ્પષ્ટ અક્ષરોમાં લખવાનું રહેશે.

9. ઓફર ફી અને ઈ.એમ.ડી વિનાના તથા ઓછી રકમની ઓફર રદ બાતલ, કેન્સલ ગણાશે.

10. શહેરી કક્ષાએ નાઈટ શેલ્ટરના સંચાલનની કામગીરીનો અનુભવ ધરાવતી સંસ્થા/એજન્સીને પસંદગીમાં ધ્યાને લેવામાં આવશે.

11. સંસ્થા/એજન્સી દ્વારા કરવામાં આવતી વિવિધ સામાજીક પ્રવૃતિઓ તથા અનુભવની સંપૂર્ણ વિગતો (સંસ્થાની પ્રોફાઈલ) અલગથી બિડાવી. સંસ્થા/એજન્સીએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન સામાજીક ક્ષેત્રે કરેલ કામગીરી વિગતો, ફોટોગ્રાફસ તથા પ્રેસ કટીંગ્સ વગેરે સામેલ કરવા.

12. શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહ નુ સંચાલન સંસ્થા દ્વારા કઈ રીતે કરવામાં આવનાર છે તેનુ આયોજન,ગ્રાન્ટના માસીક વપરાશના આયોજન સાથેનો ડિટેઈલ જસ્ટિફાઈડ પ્રોજેકટ આંકડાકીય તથા બિન આંકડાકીય વિગતો સાથેનો રિપોર્ટ સામેલ રાખવો (જેનુ પ્રેઝન્ટેશન શેલ્ટર મેનેજમેન્ટ કમીટી સમક્ષ રજૂ કરવાનું રહેશે)

13.શેલ્ટર મેનેજમેન્ટ કમીટી રચના ડે.મ્યુનિસિપલ કમિશનરશ્રી, યુ.સી.ડી જૂ.મ.ન.પા દ્વારા કરવામાં આવશે.



Scanned with OKEN Scanner

14. શેલ્ટર મેનેજમેન્ટ કમીટી દ્વારા સંસ્થાની કામગીરી, સંસ્થાનો અનુભવ તથા સંસ્થા દ્વારા રજૂ કરવામાં આવેલ ડિટેઈલ જસ્ટિફાઈડ પ્રોજેકટના કરવામાં આવેલ પ્રેઝન્ટેશનના આધારે શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહોના સંચાલન અંગે નિર્ણય કરવામાં આવશે.

15.જૂનાગઢ મહાનગરપાલિકા કોર્પોરેશન હસ્તકના જૂ.મ.ન.પા હદ વિસ્તારમાં આવેલ ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહોના સંચાલનની કામગીરી ફાળવણી બાબતે EOI ની પ્રક્રિયા બાદ એમ્પેનલ થનાર જૂ.મ.ન.પા યુ.સી.ડી વિભાગ ખાતે નોંધણી થઈ ચેરીટી કમિશનરશ્રીની કચેરી ખાતે નોંધણી થયેલ સ્થાનિક સખી સંઘો–એરીયા લેવલ ફેડરેશનો (ALF)ને પ્રાથમીકતા આપવામાં આવશે.

16.જૂ.મ.ન.પા ના યુ.સી.ડી વિભાગ ખાતે નોંધણી થઈ ચેરીટી કમિશનરશ્રીની કચેરી ખાતે નોંધણી થયેલ સ્થાનીક સખી સંઘો –એરીયા લેવલ ફેડરેશનો (ALF) ને ડિપોઝિટની રકમ ભરવામાં વિશેષ છુટછાટ આપવામાં આવશે.

17. શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહના સંચાલન અંગે, આશ્રયગૃહની ફાળવણી અંગેનો સીલેકશન કમીટીનો નિર્ણય આખરી તેમજ બંધનકર્તા રહેશે.



Scanned with OKEN Scanner

## જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન યુ.સી.ડી વિભાગ

–: શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહના સંચાલન અંગેની શરતો :–

1. શહેરી ઘર વિહોણા મહિલા તથા પુરુષો માટેના અલગ અલગ કક્ષ ધરાવતા આશ્રયગૃહ(શેલ્ટર A,B,C તથા સોરઠભવન)નું સંચાલન સંચાલક સંસ્થાએ કરવાનુ રહેશે.
2. સોપવામાં આવનાર આશ્રયગૃહના સંચાલનનો સમયગાળો કરારની તારીખની ૦૧ વર્ષ સુધીનો રહેશે જો કામગીરી સંતોષકારક જણાય તો મુદત વધારવામાં આવશે.
3. ચાર શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહ (પુરુષ તથા મહિલા માટે) ના સંચાલન પેટે થયેલ ખર્ચને ધ્યાને લઈ અંદાજીત માસીકરૂ.૨,૦૦,૦૦૦ (અંકે રૂપિયા બે લાખ પુરા) સુધીની ગ્રાંટ જૂ.મ.ન.પા દ્વારા (GULM ગાંધીનગર દ્વારા ગ્રાંટ ફાળવ્યેથી) ચુકવામાં આવશે. જેમાં સંચાલક સંસ્થાએ સ્ટાફનો પગાર,સફાઈ, સફાઈ માટેના જરૂરી સાધનો/લીકવીડ, સિકયુરીટી તથા આનુશંગીક તમામ સંચાલન ખર્ચની ગ્રાંટમાંથી ચુકવણી કરવાની રહેશે જૂ.મ.ન.પા દ્વારા અલગથી કોઈ પણ પ્રકારની ગ્રાંટ ચુકવવામાં આવશે નહી ઉપરોકત ગ્રાંટમા સરકારશ્રી દ્વારા કોઈ પણ ફેરકાર માન્ય ગણાશે.
4. સંચાલક સંસ્થાએ પોતે અથવા અન્ય એન.જી.ઓ મારફતે સંકલન કરી શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહ ખાતે આશ્રય લઈ રહેલ વૃધ્ધ / અશકત મહિલાઓ,પુરુષો તથા બાળકો તથા જરૂર જણાયે અન્ય આશ્રિતોને જમવાની વ્યવસ્થા કરી આપવાની રહેશે. જે માટે જૂ.મ.ન.પા દ્વારા અલગથી કોઈ પણ પ્રકારની ગ્રાંટ ચુકવવામાં આવશે નહી.
5. દરેક શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહ ખાતે સંચાલક સંસ્થાએ ૨૪×૭ માટે આઠ કલાકની એક એમ કુલ ત્રણ શિફટમાં, શિફટ વાઈઝ એક એમ કુલ ત્રણ કેર ટેકર તથા બંને શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહના સંચાલન માટે એક પુર્ણ સમયના જવાબદાર વ્યકિત મેનેજરની નિયુકતી કરવાની રહેશે.
6. શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહ ખાતે નિયુકત કરવામાં આવેલ કર્મચારી/સ્ટાફની વિગત સંચાલક સંસ્થાને પુરાવા સાથે, નિયત નમુનામાં યુ.સી.ડી વિભાગ, જૂ.મ.ન.પા ને આપવાની રહેશે તથા જો કોઈ નિમૂણક રદ થાય અથવા નવી નિમણુક થાય તેની સમયસર લેખીત જાણ વિભાગને કરવાની રહેશે (નિયુકત કરવામાં આવેલ કર્મચારી / સ્ટાફના ઓળખના પુરાવા તથા શૈક્ષણીક લાયકાતના પુરાવાની નકલ આપવાની રહેશે.)
7. સંચાલક સંસ્થા દ્વારા નિયુકત કરવામાં આવેલ કર્મચારી / સ્ટાફને સંચાલક સંસ્થાએ ઓળખ કાર્ડ આપવાના રહેશે જે કર્મચારી ફરજ ઉપર હોય તેમણે ફરજીયાત ઓળખ કાર્ડ પહેરવાના રહેશે.
8. ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહ ખાતે મહિલા કક્ષમાં કેરટેકર તરીકે તમામ શિફટમાં ફકત મહિલાની જ નિમણુક કરવાની રહેશે.
9. સંચાલક સંસ્થા દ્વારા શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહની સફાઈ તેમજ મેન્ટેનસંનો સમય સવારે ૯ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધીનો રહેશે. તથા સંચાલક સંસ્થાએ સફાઈ અને મેન્ટેનસ રજીસ્ટર નિભાવવાનુ રહેશે.



Scanned with OKEN Scanner

10. ઘર વિહોણા માટેના આશ્રયસ્થાનની આજુબાજુની પ્રીમાઈસીસમાં એટલેકે કમ્પાઉન્ડની નિયમીત સફાઈ રાખવાની રહેશે.
11. શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહ ખાતેના ગાદલા, ચાદરો, ધાબળા, પલંગ વગેરે દર સાત દિવસે નિયમીત ધોલાઈ કરાવી સાફ સુથરા રાખવાના રહેશે.
12. જુનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સામુહિક રસોડા માટેની જગ્યા, રસોઈ બનાવવા જમવા તથા પીરસવા માટેના જરૂરી વાસણો પુરા પાડવામાં આવશે સંચાલક સંસ્થાએ સામુહિક રસોડાનુ તમામ પ્રકારનુ મેનેજમેન્ટ તથા મેઈન્ટેનન્સ કરવાનુ રહેશે.
13. સંચાલક સંસ્થાએ શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહ ખાતે આશ્રયલેનાર માટે પીવાના પાણીની જરૂરી વ્યવસ્થા રાખવાની રહેશે.જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નળ કનેકશન પુરૂ પાડવામાં આવશે સંચાલક સંસ્થાએ પીવાનુ તથા વપરાશ માટેનુ પાણી મળી રહે તે માટે યોગ્ય મેનેજમેન્ટ કરવાનુ રહેશે.
14. સંચાલક સંસ્થાએ શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહ ખાતે પ્રાથમિક સારવાર કીટ ઉપલબ્ધ રાખવાની રહેશે તેમજ સમયાંતરે કીટની દવાઓ એકસપાયર્ડ થાય તેમ બદલવાની રહેશે.
15. સંચાલક સંસ્થાના પ્રમુખશ્રી/મંત્રીશ્રીએ ઓછામાં ઓછી દર ૧૫ દિવસે શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહની એક મુલાકાત અચુક કરવાની રહેશે. જે અંગેનો રીપોર્ટજૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન, યુ.સી.ડી વિભાગને રજુ કરવાનો રહેશે.
16. સંચાલક સંસ્થાએ શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહ ખાતે આશ્રય લેનાર વ્યકિતની ઓળખ ઉભી થાય, તેઓ સરકારી યોજનાનો લાભ મેળવી શકે તે માટે સંસ્થાએ શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહ ખાતે આવતા તમામ લાભાર્થીઓને સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી પુરી પાડવાની રહેશે. તથા બાળકોને નજીકની આંગણવાડીઓ–સ્કુલ સાથે જોડવા આયોજન / સંકલન કરવાના રહેશે. આશ્રીતો જરૂરીયાત મુજબની તાલીમ મેળવે સ્વ નિર્ભર થાય તે માટે જરૂરી આયોજન / સંકલન સંચાલક સંસ્થાએ કરવાનુ રહેશે તથા હાથ ધરવામાં આવેલ પ્રયત્નોની વિગત દર મહિનેજૂનાગઢ મહાનગરપાલિકા,યુ.સી.ડી વિભાગને રજુ કરવાની રહેશે.
17. સંચાલક સંસ્થાએ શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહ ખાતે આશ્રય લીધેલ તમામ લાભાર્થીઓની સંખ્યા અંગેનુ વિગતવાર પ્રમાણપત્ર દરરોજજૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન, યુ.સી.ડી વિભાગને રજુ કરવાનું રહેશે.
18. ઘર વિહોણા માટેના આશ્રયસ્થાનમાં રોકાનાર વ્યકતીનું હાજરી રજીસ્ટર નિભાવવાનું રહેશે તેમાં દરેક રોકાનાર વ્યકતીનું પુરૂ નામ, કાયમી સરનામુ, ઉમર, મોબાઈલ નંબર, સહી, આશ્રયસ્થાનમાં આવતા જવાનો –Check in-out સમય જેવી તમામ જરૂરી વિગતો રજીસ્ટરમાં નોંધવાની રહેશે.
19. આશ્રય લેનાર પાસેથી આઈ.ડી.પ્રૂફ માગવાનું રહેશે નહી.
20. સંચાલક સંસ્થાએ દરેક શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહ ખાતે નીચે મુજબના રજીસ્ટરો વપરાશમાં લેતા પહેલા યુ.સી.ડી વિભાગ ખાતેથી પ્રમાણીત કરાવવાના રહેશે.
    –શેલ્ટર એસેટ ઈન્વેન્ટરી બુક
    –દૈનિક ખર્ચ આવકના દેખરેખ નિયંત્રણ માટે એકાઉન્ટ રજીસ્ટર / કેશબુક



Scanned with OKEN Scanner

–એટેન્ડન્સ રજીસ્ટર(હાજરી પત્રક)
–આશ્રયની વ્યવસ્થાપન સમિતિની બેઠકો અંગેનું રજીસ્ટર
–પગાર ચૂકવણી વિગતોવાળુ કર્મચારી વર્ગ રજીસ્ટર
–હાઉસકીપીગ અને મેઈન્ટેનન્સ રજીસ્ટર
–ફરીયાદ અને સુચન રજીસ્ટર

21. સંચાલક સંસ્થાએ તમામ રજીસ્ટરો આશ્રયસ્થાન ખાતે હાજર રાખવાના રહેશે. નિયમીત નિભાવવાના રહેશે. તથા જૂ.મ.ન.પા કમિશનરશ્રી તથા તેમના અધિકૃત કરેલ અધિકારી કે કર્મચારી તથા આશ્રયસ્થાન સંચાલન સમીતી દ્વારા મંગાવામાં આવેથી રજુ કરવાના રહેશે.

22. સંચાલક સંસ્થાએ દર માસે થયેલ ખર્ચના હિસાબો રજુ કરવાના રહેશે આગળના મહિનાના ખર્ચના હિસાબો રજુ કર્યા બાદ જે–તે મહિનાની ગ્રાંટ ચુકવવામાં આવશે.ઉપરાંત વર્ષના અંતે સમગ્ર નાણાકીય વર્ષના ઓડીટેડ હિસાબો રજુ કરવાના રહેશે, જેમાં કોઈપણ નાણાકીય ક્ષતિ જણાય તો આખરી નિર્ણય કમિશનરશ્રી જૂ.મ.ન.પા નો રહેશે.

23. સંચાલક સંસ્થા દ્વારા વર્ષના અંતે ઓડીટેડ હિસાબો રજુ કર્યા બાદ માર્ચ મહિનાની ગ્રાંટ ચુકવામાં આવશે.જયાં સુધી ઓડીટેડ હિસાબો રજુ કરવામાં નહી આવે ત્યાં સુધી માર્ચ મહિનાની ગ્રાંટ પેન્ડીંગ રાખવામાં આવશે.

24. જૂ.મ.ન.પા દ્વારા જે મુજબનુ બિલ્ડીંગ / સ્ટ્રકચર તથા ઉપકરણો સહિતનો કબજો સોંપવામાં આવશે તેમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર જૂ.મ.ન.પા ની લેખીત પુર્વ મંજૂરી સિવાય કરવો નહી.

25. સંસ્થાએ નાઈટ શેલ્ટરના બિલ્ડિગ, કમ્પાઉન્ડ, ટોયલેટ, બાથરૂમ ની તમામ પ્રકાની જાળવણી તથા સફાઈની જવાબદારી સંભાળવાની રહેશે સફાઈ કલીનીગ લીકવીડ અથવા ફીનાઈલ થી કરવાની રહેશે તે માટે જરૂરી લિકવીડનો જથ્થો તથા સફાઈ માટેના સાધન આશ્રયસ્થાન ખાતે હાજર રાખવાના રહેશે. તથા તે માટે જૂ.મ.ન.પા દ્વારા અલગથી કોઈ પણ પ્રકારની ગ્રાંટ કે અન્ય કોઈ ચુકવણુ કરવામાં આવશે નહી.

26. શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહમાં દરેક કોમ, જ્ઞાતી અને ધર્મના લોકોને કોઈ પણ જાતના ભેદભાવ વિના ઉપયોગ કરવા દેવાનો રહેશે.

27. શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહના ઈલેકટ્રીક ઉપકરણોનુ રિપેરીંગ કામ સંસ્થાએ સ્વ–ખર્ચે કરવાનુ રહેશે.

28. શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહ ખાતે ડ્રેનેજ, પાણીતથા ઈલેકટ્રીસીટીજૂ.મ.ન.પા, યુ.સી.ડી વિભાગ દ્વારા પુરા પાડવામાં આવશે જેનુ બીલ સંચાલક સંસ્થાએ નિયમીત ભરપાઈ કરવાનું રહેશે.

29. શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહના કંમ્પાઉન્ડમાં બાગ બગીચા તથા વૃક્ષો ઉછેરવાની છુટ રહેશે, પરંતુ આ કામે વધારાનુ કોઈ નિભાવણી ખર્ચ આપવામાં આવશે નહી.

30. સંચાલક સંસ્થા દ્વારા નિમણુક કરવામાં આવેલ શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહ સ્ટાફ/ કર્મચારીઓના પગાર ખર્ચ વગેરેનુ ચુકવણુ સંસ્થાએ સરકારશ્રીના પ્રવર્તમાન લઘુતમ વેતનદર તથા નિતિ નિયમ અનુશાર તેઓના બેંક ખાતામાં ચેક/RTGS/NEFT મારફતે કરવાનો રહેશે તથા દર માસે તેના પુરાવા રજુ કરવાના રહેશે. આ કર્મચારીઓના નોકરી અંગેના કોઈ હકક દાવાઓની જવાબદારી હાલમાં કે ભવિષ્યમાંજૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનની રહેશે નહી.



Scanned with OKEN Scanner

31. શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહમાં જૂ.મ.ન.પા ના કમિશનરશ્રી તથા તેમના અધિકૃત કરેલ કોઈ અધિકારી કે કર્મચારી તથા આશ્રયસ્થાન સંચાલન સમીતી શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહની કાર્યવાહી / વ્યવસ્થા સંબંધે નિરીક્ષણ કરી શકશે.

32. શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહમાં તેમજ પ્રીમાઈસીસ માં કોઈપણ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃતિ ન થાય તેનું ધ્યાન સંચાલક સંસ્થાએ રાખવાનુ રહેશે.

33. શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહમાં તેમજ પ્રીમાઈસીસમાં ગેરકાયદેસર પ્રવૃતિ, ધાક ધમકી વગેરે જેવી ઘટના બાબતે સંચાલક સંસ્થા કાયદેસરની ફરીયાદ / પોલીસ કેસ / FRI દાખલ કરવા અધિકૃત છે.

34. સંચાલક સંસ્થાએ શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહના બે થી ત્રણ કિલોમીટરની ત્રિજયામાં જો કોઈ લોકો ફુટપાથ ઉપર રહેતા હોય તો તેઓને કાઉન્સીલીગ કરીને શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહમાં આશ્રયલે તે માટે નિયમીત પ્રયત્ન હાથ ધરવાના રહેશે તથા સદર બાબતે સંચાલક સંસ્થાએ હાથ ધરેલ કામગીરીનો રીપોર્ટ યુ.સી.ડી વિભાગને લેખીતમાં કરવાનો રહેશે.

35. શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહ બિલ્ડીંગ ઉપર કોઈપણ પ્રકારની જાહેરાત કરવા દેવામાં આવશે નહી આ તમામ હકકો જૂ.મ.ન.પા ના રહેશે.

36. કાયદાથી પ્રતિબંધિત કોઈ વસ્તુ, ખાણી–પીણી, સાહિત્ય વગેરે પ્રિમાઈસીસમાં રાખી કે ઉપયોગ કરી શકાશે નહી આ બાબતે ઉભી થતી સઘળી જવાબદારી સંચાલકની રહેશે.

37. સંચાલન માટેની ગ્રાંટ ૦૫ વર્ષ સુધી જ મળવાની, ત્યારબાદ આગળના સમય માટે સંચાલન કરનાર સંસ્થાએ ૦૫ વર્ષ સુધીના સમયગાળામાં આશ્રયસ્થાન સ્વનિર્ભર કઈ રીતે બનશે તેનુ વિગતે આયોજન રજુ કરવાનુ રહેશે.

38. સરકારશ્રી તથા નામદાર હાઈકોર્ટ તરફથી મળતા વખતો વખતના આદેશ અનુસાર સંચાલન અંગે સંસ્થાને જરૂરી સુચનો જૂ.મ.ન.પા દ્વારા કરવામાં આવશે.

39. સંચાલન સોપવામાં આવે તે સંસ્થાએ જૂ.મ.ન.પા ની તરફેણમાં જરૂરી કરારનામુ સંસ્થાના ખર્ચે કરી આપવાનું રહેશે.

40. સંચાલક સંસ્થાએ આ કામ સિકયોરીટી ડિપોઝિટ પેટે જૂ.મ.ન.પા ની તરફેણમાં જરૂરી રૂ ૧ લાખની રકમ ફિકસ ડિપોઝિટ કરારનામા સાથે જમા કરાવવાની રહેશે.જે કરારની મુદત પુર્ણ થયા બાદ બિલ્ડીંગનો કબજો યથાવત સ્થિતિમાં સોપવામાં આવ્યેથી પરત ચુકવવામાં આવશે.

41. સંચાલક સંસ્થા દ્વારા બિલ્ડીંગ કે કોઈ ઉપકરણો નુકશાન પહોચાડવામાં આવેલ હોઈ તો તે મુજબની નુકશાનીની રકમ સંસ્થાએ જૂ.મ.ન.પા માં ભરપાઈ કરી આપવાની રહેશે જો સંસ્થા દ્વારા આ રકમ ભરપાઈ નહી કરવામાં આવે તો આ રકમ ડિપોઝીટની રકમમાંથી કપાત કરી લેવામાં આવશે.

42. સંસ્થાની સંચાલનની કામગીરી સંતોષકારક જણાશે નહી અથવા ઉપરોકત શરતોનો ભંગ થયેથી સંસ્થાને સક્ષમ સતા નકકી કરે તે મુજબ પેનલ્ટી કરી શકાશે તેમજ કોઈ પણ જાતની જાણ કે નોટીસ આપ્યા વિના જૂ.મ.ન.પા કરાર રદ કરી શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહનો કબજો પરત સંભાળી લઈ શકશે. આ અંગે જૂ.મ.ન.પા ના કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

43. સંચાલક સંસ્થા વખોતો વખત સરકારશ્રી તરફથી માર્ગદર્શિકા કરવામાં આવતા સુધારા વધારા તથા મળતી સુચનાઓ મુજબ અમલીકરણ કરવા બંધનકર્તા રહેશે.



Scanned with OKEN Scanner

44. સદરહુ આશ્રયગૃહના સંચાલનની કામગીરી માટે એજન્સીઓને એમ્પેનલ કરવા બાબતે એજન્સીની પસંદગી માટેના માપ દંડો તથા ગુણભાર નીચે મુજબ રહેશે.

| ક્રમ | ધોરણ | ગુણભાર |
|---|---|---|
| ૧ | શહેરી કક્ષાએ ૫૦ થી વધુની કેપેસીટીવાળા આશ્રયગૃહો (મહિલા તથા પુરૂષો બંને માટે) ના સંચાલન અંગેનો સંસ્થાનો ૨ વર્ષથી વધુ સમયનો અનુભવ અથવા NULM યોજનાના વિવિધ ઘટકની કામગીરીનો અનુભવ | ૧૦ |
| ૨ | સંચાલન માટેની ગ્રાંટ ૦૫ વર્ષ સુધી જ મળવાની હોય સંસ્થા ૦૫ વર્ષ સુધીના સમયગાળામાં આશ્રયસ્થાન સ્વનિર્ભર કઈ રીતે બનાવશે તેનુ વિગતે આયોજન તથા સદર કામગીરી માટેના ખર્ચમાં સંસ ભાગીદારી કેટલા ટકા પોતાના ફંડમાંથી શેર કરી શકાશે તથા CSR ફંડ / અન્ય માધ્યમથી ફંડ મેળવવા બાબતે વિગતવાર આયોજન. | ૨૦ |
| ૩ | ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહમાં આશ્રય લેનાર આશ્રીતો, તેઓના બાળકો,સ્ત્રીઓના ઉત્કર્ષ માટે, ટકાઉ વિકાસ માટે,તેમના જીવન ધોરણમાં સુધાર માટે, આરોગ્ય માટે, ઓળખના પુરાવા બાબતે, સ્વરોજગાર તાલીમ માટે, રોજગારીની તકો પુરી પાડવા માટે સંસ્થાનુ વિગતવાર આયોજન. | ૧૦ |
| ૪ | જુનાગઢ શહેરમાં જાહેર જગ્યાઓમાં (ફુટપાથ, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, મંદિર, માર્કેટ પ્લેસ જેવા સ્થળે) આશ્રય લેતા જોવા મળતા ઘર વિહોણા લોકો આશ્રયગૃહ ખાતે આશ્રય લેતા થાય તે માટેનુ સંસ્થાનુ આયોજન તથા સદર કામગીરી કરી શકવા લાયકાત ધરાવતા માનવબળ(સ્ટાફ) ની સંસ્થા પાસે ઉપલબ્ધી. | ૧૦ |
| ૫ | સંસ્થાનો અન્ય સમકક્ષ સરકારી પ્રોજેકટ (પ્રતિ પ્રોજેકટ ૫ માર્ક મહતમ ૧૦ માર્ક) | ૧૦ |
| ૬ | આશ્રયગૃહના સંચાલનની કામગીરી માટે એજન્સીની પસંદગી કરવા જૂ.મ.ન.પા દ્વારા રચવામાં આવનાર કમીટી સમક્ષ સંસ્થા દ્વારા રજુ કરેલ પ્રેઝન્ટેશન(PPT) | ૪૦ |
| | કુલ ગુણભાર | ૧૦૦ |

નોંધ :-

- જૂ.મ.ન.પા ના યુ.સી.ડી વિભાગ ખાતે નોંધણી થઈ ચેરીટી કમિશનરશ્રીની કચેરી ખાતે નોંધણી થયેલ એરીયા લેવલ ફેડરેશનો (સખીસંઘો) ને ઉપરોકત ધારાધોરણોમાં વિશેષ છુટછાટ આપવામાં આવશે.

નોંધ :-

1. જૂ.મ.ન.પા ના યુ.સી.ડી વિભાગ ખાતે નોંધણી થઈ ચેરીટી કમિશનરશ્રીની કચેરી ખાતે નોંધણી થયેલ એરીયા લેવલ ફેડરેશનો (સખીસંઘો) ને ઉપરોકત ધારાધોરણોમાં વિશેષ છુટછાટ આપવામાં આવશે.

મેનેજર
એસ.યુ.એચ
એન.યુ.એલ.એમ
મહાનગરપાલિકાજૂનાગઢ

પ્રોજેકટ ઓફિસર
યુ.સી.ડી શાખા
મહાનગરપાલિકા જૂનાગઢ

આસી. કમિશનર
મહાનગરપાલિકા જૂનાગઢ

ડેપ્યુટી કમિશનર
મહાનગરપાલિકા જૂનાગઢ



Scanned with OKEN Scanner

# જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન
# યુ.સી.ડી શાખા
# કરારપત્ર

શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહના સંચાલનની કામગીરીના અનુશંધાનમાં યુ.સી.ડી વિભાગ સાથે કરવાના થતા MOU નો નમુનો.

આ કરાર આજ રોજ.................................માસની...........તારીખ..................વર્ષના રોજજૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી કમિશનરશ્રી (જેને હવે પછીથી પ્રથમ પક્ષકાર તરીકે સંબોધવામાં આવશે જેમાં પ્રથમ પક્ષકારના એકઝીકયુટરો તથા અધિકૃત વ્યકિતઓ ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.)

રાજય સરકારનાજૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનના યુ.સી.ડી વિભાગ દ્વારા અમલીકૃત DAY-NULM યોજનાના SUH ઘટક હેઠળના શહેરી ઘર વિહોણા માટેના આશ્રયગૃહના સંચાલનની કામગીરી.................................................................સંસ્થાને અમલીકર્તા (જેને હવે પછીથી બીજા પક્ષકારના એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો તથા અધિકૃત વ્યકિતઓ ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.)

DAY-NULM યોજનાનાSUH ઘટક હેઠળના શહેરી ઘર વિહોણા માટેના આશ્રયગૃહના સંચાલનની કામગીરી અન્વયે DAY-NULM યોજનાના SUH ઘટકની માર્ગદર્શીકા, સમક્ષ સતાની મળેલ મંજૂરીઓ, જી.યુ.એલ.એમ ને કરેલ દરખાસ્ત, ગ્રાંન્ટ ના હુકમ વગેરે વિગતોને ધ્યાને રાખી તથા ભવિષ્યમાં કાર્યક્રમને આનુષંગિક કેન્દ્ર સરકારશ્રી/ રાજય સરકારશ્રી/જુનાગઢ મહાનગરપાલીકા ની મળનાર સુચના અને માર્ગદર્શન મુજબ બીજા પક્ષકારે કામગીરી કરવાની રહેશે. શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહ સંચાલનની કામગીરી કરનાર એજન્સી / સંસ્થાએ નીચેની શરતોને આધીન કામગીરી કરવાની રહેશે.



Scanned with OKEN Scanner